આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકીલ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **10-10-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## રતન ટાટાની વિદાય

દેશના 'રતન' એવા ટાટા સન્સના ચેરમેન રતન ટાટા ગઇકાલે રાત્રે મુંબઇ ખાતે અંતિમ શ્વાસ લીધા હતા. રતન ટાટાની અંતિમ યાત્રા અત્યારે વર્લીના સ્મશાનગૃહમાં પહોંચી છે અને ટૂંક સમયમાં અંતિમ સંસ્કાર કરાશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મુકેશ અંબાણી અને કુમાર મંગલમ બિરલા સહિત રાજકારણ, રમતગમત અને વ્યવસાયની ઘણી હસ્તીઓએ સહિત સમગ્ર દેશે રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપી હતી.

**N.P/** જાગૃતિ વકીલ

---

## અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ

અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫નો લોગો, ટીઝર અને વેબસાઇટ સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માના હસ્તે

લોન્ચ થઈ છે... મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ૧૨ તારીખે અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલને ખુલ્લો મુકાશે. જે ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે.

આ ફેસ્ટિવલમાં ફૂડ ઝોન, શોપિંગ અને આર્ટિઝન ઝોન, મ્યુઝિક અને કલ્ચરલ એક્ટિવિટી ઝોન, સ્પોર્ટ્સ ઝોન અને એન્ટરટેનમેન્ટ ઝોન પણ જોવા મળશે.લાઇટ ટનલ, સેલ્ફી પોઇન્ટ્સ અને થીમ આધારિત લાઇટ ડેકોરેશન જેવાં વિશેષ સ્થાપનો પ્રદર્શિત કરવામાં આવશે.તો મુલાકાતીઓની સગવડ માટે એએમટીએસ ડબલ-ડેકર ઇલેક્ટ્રિક બસોને ઇવેન્ટ માટે દોડાવવામાં આવશે..

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## ગૃહ રાજ્યમંત્રી : વિકાસ પદયાત્રા

ગાંધીનગર ખાતે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં વિકાસ સપ્તાહન અંતર્ગત વિકાસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું... શહેરના ઘ-4 વિસ્ટા ગાર્ડન ખાતેથી મહાત્મા મંદિર સુધી પદયાત્રા યોજાઈ હતી.. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર મીરા પટેલ સહિતના અધિકારીઓ કર્મચારીઓ મોટી સંખ્યામાં પદયાત્રામાં જોડાયા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------

## મા. શિક્ષક ભરતી

રાજ્યના શિક્ષણ વિભાગે માધ્યમિક શાળામાં 3,517 શિક્ષકોની ભરતીની જાહેરાત કરાતા શિક્ષકોમાં ખૂશીનો માહોલ જોવા મળી રહ્યો છે. જેમણે આગામી તા.24 ઓક્ટોબરથી 15 નવેમ્બર સુધી ફોર્મ ભરી શકાશે. જેમાંથી સરકારી શાળામાં 1200, ગ્રાન્ટેટ શાળામાં 2,317 સરકારી ગુજરાતી માધ્યમમાં 1196 અને અંગ્રેજી માધ્યમમાં 4 શિક્ષકોની જગ્યા છે.

**N.P/ જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------

## વરસાદ

નવરાત્રિના છેલ્લા ત્રણ દિવસ વરસાદનો વિઘ્ન નળે તેવી શક્યતા છે. અરબસાગરમાં સર્જાયેલી એક સિસ્ટમના કારણે હવામાન વિભાગે આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. તો આજે પણ બપોર બાદ અનેક વિસ્તારમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. આજે બપોરે અબડાસાના ડુમરામાં પવન અને ગાજવીજ સાથે વરસાદ થયો છે તેવું અમારા નિયમિત શ્રોતા જયેશ ગોસ્વામીએ જણાવ્યું હતું.

**N.P/ જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------

## કચ્છમાં વિકાસ સપ્તાહ ઉજવણી

કચ્છ જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લાની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન સાથે વિદ્યાર્થીઓએ " ભારત વિકાસ "ની પ્રતિજ્ઞા લઇને ભારતના વિકાસમા મન-વચન કર્મથી સહયોગ આપવા નિશ્ચય કર્યો હતો.

વિકાસ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે નિબંધ, વકતૃત્વ, રંગોળી વગેરે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યારે છેલ્લા બે દિવસમાં કચ્છની શાળાઓમાં ૭૦ હજારથી વધુ બાળકો "ભારત વિકાસ" પ્રતિજ્ઞા સાથે વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા અને દેશના વિકાસ અને કલ્યાણ માટે તન, મન અને ધનથી અવિરત પ્રયાસરત રહેવા માટે સંકલ્પબદ્ધ થયા હતા.

માહિતી ખાતુ

----------------------------------------------------------------------

## માનસિક સ્વાસ્થ્ય દિન

વિશ્વમાં દર વર્ષે 10મી ઓક્ટોબરને માનસિક સ્વાસ્થ્ય દિવસ તરીકે ઉજવાય છે. એક સર્વેક્ષણ મુજબ વિશ્વમાં મોટાભાગના રોગ માનસિક અસ્વસ્થતાની નીપજ છે. ભારતમાં 10 કરોડ જેટલા લોકો માનસિક બીમારીના શિકાર છે ત્યારે આ રોગથી કઇ રીતે બચવું તેના ઉપાયો ભુજની જનરલ હોસ્પિટલના તબીબોએ સૂચવ્યા હતા.

મનોચિકિત્સા વિભાગના હેડ ડો. મહેશ ટીલવાણીએ કહ્યું કે, ભારતમાં માનસિક રોગનું પ્રમાણ વધુ છે. ઘણાને ખ્યાલ પણ નથી કે તેમની અસ્વસ્થતા કે રોગનું કારણ માનસિક ચિંતા છે. દેશમાં આવા 10 ટકા પુખ્ત લોકો છે અર્થાત 8 થી 10 કરોડ લોકો આ રીતે પીડિત છે.

**N.P/ જાગૃતિ વકીલ**

---

## કચ્છ યુનિ. એક્સ્ટેનશન સેન્ટર

જિલ્લામાં આડેસર, ખાવડા અને ધોળાવીરા ખાતે યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલા એક્સ્ટેનશન સેન્ટરો વિધિવત રીતે ખુલ્લાં મુકાયા છે.

કુલપતિ ડો.મોહન પટેલે છેવાડાના વિસ્તાર સુધી ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે અને કન્યા કેળવણીનું મહત્વ સમજી દરેક માતા-પિતા પોતાની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપવા માટે આગળ વધે તેમ આહવાન કર્યું હતું. ધોળાવીરા સેન્ટર માટે શ્રીરામ ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના જખાભાઈ હુંબલે હાજર રહી યુનિવર્સિટીના પ્રયાસને બિરદાવ્યો હતો.

**N.P/ જાગૃતિ વકીલ**

---

## અદાણી : પોસ્ટ સ્ટેમ્પ

અદાણી ઉદ્યોગ સમુહનું મુખ્ય બંદર અને ભારતના સૌથી મોટા વ્યાપારિક સંસ્થાન બનેલા મુન્દ્રા પોર્ટને તેની કામગીરી ના સિલ્વર જ્યુબિલી વર્ષના ઉપલક્ષમાં ખાસ પોસ્ટલ સ્ટેમ્પથી સન્માનિત કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે સ્ટેમ્પનું વિમોચન કરાયું હતું. અત્રે ઉલ્લખનીય છે કે, મુન્દ્રા બંદર ઝડપથી વ્યાપરિક હબ અને ભારત માટે મુખ્ય પ્રવેશદ્વાર તરીકે ઉભરી આવ્યું છે.

**N.P/ જાગૃતિ વકીલ**

-------------------------------------------------------------------------

## કચ્છમાં હથિયાર બંધી

કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે ગુજરાત જિલ્લાત મેજિસ્ટ્રે ટશ્રી  અમિત અરોરાએ તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૪ સુધી સમગ્ર કચ્છ જિલ્લારમાં હથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

માહિતી ખાતુ

-------------------------------------------------------------------------